**ક્રિમીનલ કેસ નં. – ૮૩૯૨/૨૦૨૦**

**<u>આંક – ૧ લગત હુકમ</u>**

(૧) હાલના કામે પોલીસ દ્વારા આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ – ૨૬૯ મુજબ તેમજ એપીડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ – કલમ ૩ના ગુનાના કામે પ્રથમ બાતમી અહેવાલ નોંધી તપાસના અંતે આખરી અહેવાલ (ચાર્જશીટ) રજુ કરેલ છે. હાલના કામે જાહેરનામું બહાર પાડનાર અધિકારીની કોઈ લેખીત ફરીયાદ રજુ નથી. હાલના કામે આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગનું જાહેરનામું તા. ૨૧/૦૩/૨૦૨૦ તથા જાહેરનામા નં. જી.પી./૯/એન.સી.વી./૧૦૨૦૨૦/એસ.એફ.–૧/જી. તથા ગુજરાત સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક – ૧૧/એન.સી.વી./૧૦૨૦૨૦/એસ.એફ.એસ.–૧/ગ તા. ૧૩/૦૩/૨૦૨૦ ના રોજ બહાર પાડવામાં આવેલ.

(૨) ઉપરોકત કામે એપીડેમીક ડીસીઝ એકટ ની કલમ – ૩ નીચે મુજબ આવેલ છે.

"Section - 3. Penalty - Any person disobeying any regulation or order made under this act shall be deemed to have committed an offence punishable under Section - 188 of the India Penal Code."

સબબ એકટની કલમ – ૩ ને ધ્યાને લેતા ઉપરોકત ગુનાના કામે જાહેરનામાના ભંગ અંગેના ગુના કરવામાં આવ્યા હોય તો તે ગુનાને ઈ.પી.કો.ની કલમ – ૧૮૮ સમકક્ષ ગણી કલમ – ૧૮૮ મુજબનો ગુનો ગણી આગળની કાર્યવાહી કરવાનો પ્રાવધાન આપવામાં આવેલ છે. જે અંગે નામ. બોમ્બે હાઈકોર્ટ દ્વારા તેમના ***<u>હલા શ્વે એન્ડ અધર્સ – વિ. – સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના</u>*** ચુકાદા ક્રમાંક ***<u>ક્રિમી. એપ્લીકેશન (APL) નં. ૪૫૩ ઓફ ૨૦૨૦</u>*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે જો એપીડેમીક ડીસીઝ એકટની કલમ – ૩ મુજબનો ગુનો નોંધાયેલ હોય તો તેને ઈ.પી.કો. ની કલમ – ૧૮૮ સમકક્ષ ગણી કલમ – ૧૮૮ મુજબનું કામ ચલાવવું. નામ. બોમ્બે હાઈકોર્ટે તેના પેરા નં. – ૧૬ માં નીચે મુજબ જણાવેલ છે કે,

"...16. The offence discribed above involved disobedience of regulation or order made under the act and if there is said disobedience then there is a presumption that the offence is committed U/s 188 of Indian Penal Code....."

(૩) હાલના કામે સરકારપક્ષે ઉપરોકત જણાવેલ જાહેરનામાનો ભંગ ગણી ઈ.પી.કો.ની કલમ – ૧૮૮ મુજબના ગુના બાબતની કાર્યવાહી કરેલ છે. ઉકત હકીકતે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ – ૧૯૦ તથા ૧૯૫ વંચાણે લેતા ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૭૨ થી ૧૮૮ મુજબના ગુનાનું સંજ્ઞાન કોઈપણ કોર્ટ સબંધિત અધિકારીની લેખીત ફરીયાદ વિના લઈ શકે નહીં. વધુમાં લેખીત ફરીયાદ અંગે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨(ડી) માં વ્યાખ્યા કરવામાં આવેલ છે જે મુજબ પોલીસ રીપોર્ટનો સમાવેશ મેજિસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવતી ફરીયાદમાં થતો નથી.

....૨

(૪) વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***<u>Criminal Misc. Application no. 24632 of 2015</u>*** ના કામે ***<u>Govardhankumar Thakoredas Asrani v/s State of Gujarat & 1. Decided on 13.04.2017</u>*** ના કામે ઠરાવેલ છે કે, જાહેર સેવકની ફરીયાદ સિવાય પોલીસ રીપોર્ટ પરથી ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ મુજબના ગુનાનું સંજ્ઞાન કોર્ટ લઈ શકે નહીં. તેમજ જયારે એકજ વ્યવહાર માંથી જો અન્ય કોઈ ગુનો પણ બનતો હોય ત્યારે પણ કલમ – ૧૯૫ની જોગવાઈઓને બાય–પાસ કરી અન્ય ગુના પુરતી કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહિં.

"However, if the perusal of the first information report and other papers of the charge-sheet makes it clear that the offence under sections 186 or 188 of the IPC, as the case may be, is closely interconnected with the other distinct offences and cannot be split up, then, in such circumstances, the bar of section 195 of the Cr.P.C. will apply to such other distinct offences also."

(૫) આમ, ઉકત હકીકતે આરોપી વિરૂધ્ધ અહેવાલ (ચાર્જશીટ)ના આધારે ઉત્પન્ન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ – ૧૯૫ની જોગવાઈઓ બાયપાસ કરી કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ ના હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ ::–**

હાલના આખરી અહેવાલ (ચાર્જશીટ)ના આધારે ઉત્પન્ન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ – ૧૯૫ની જોગવાઈઓથી બાધીત હોય ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ – ૧૯૦ મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ શકાય તેમ ના હોઈ આગળની કાર્યવાહી પડતી મુકી પ્રોસીડીગ ડ્રોપ કરવામાં આવે છે. તથા પ્રોશીકયુશનને નવેસરથી ફરીયાદ ફાઈલ કરવાની સ્વતંત્રતા આપીને સદર ચાર્જશીટ દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

રાજકોટ.
તારીખ – ૧૦ /૦૭/ ૨૦૨૧

Sd/-
**(એ.એમ.ઓઝા)**
**જથા અધિક સીવીલ જજ,**
**અને જે.એમ.એફ.સી.,**
**રાજકોટ**